રામ જન્મભૂમિ પૂજન ભારતીય સનાતન સંસ્કૃતિનો સૌથી મોટો ઉત્સવ

ભારતીય સંસ્કૃતિની અસ્મિતાના પ્રતિક સમા આરાધ્ય દેવ ભગવાન શ્રી રામના અયોધ્યા ખાતેના જન્મભૂમિ મંદિર નિર્માણ માટે આશરે ૫૦૦ વર્ષથી ચાલી રહેલા હિન્દુઓના સંઘર્ષ પછી આવતીકાલે તા. ૫ મી ઓગષ્ટ બુધવારના રોજ રામ મંદિરનું ભૂમિપૂજન થવા જઈ રહ્યું છે. આ શુભ અવસરે અયોધ્યા સહિત સમગ્ર દેશમાં ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસ છવાયેલો છે. આ સાથે રામ મંદિર આંદોલન દરમ્યાન યોજાયેલી કાર સેવામાં ગાંધીનગરના કારસેવકો પણ જોડાયાં હતા તેમની પાસેથી ગાંધીનગર સમાચારે રામ મંદિર ભૂમિપૂજન પ્રસંગે તેમના મનોભાવો જાણવા પ્રયાસ કર્યો છે જે અત્રે પ્રસ્તુત છે.

આજે સદીઓના સંઘર્ષ પછી હિન્દુઓના આરાધ્ય દેવ ભગવાન શ્રી રામના જન્મભૂમિ મંદિરનું ભૂમિપૂજન શક્ય બન્યું છે ત્યારે રામ જન્મભૂમિ આંદોલન સાથે સંકળાયેલા અગ્રણી કારસેવકોએ તેમના મનોભાવ વ્યક્ત કર્યા છે



''રામ મંદિરનું ભૂમિપૂજન થઈ રહ્યું છે તે ખૂબ આનંદની વાત છે કેમ કે ૫૦૦ વર્ષના સંઘર્ષ પછી હિન્દુઓના માથેથી એક કલંક મીટવા જઈ રહ્યું છે. ઈસ્લામિક આકાંતાઓ દ્વારા અંદાજે ૩૦ હજાર જેટલાં હિન્દુ મંદિરોને તોડવામાં આવ્યા હતા જેમાંથી ૩ હજાર જેટલાં મંદિરો પર ઈસ્લામિક ઢાંચો ઉભો કરાઈ દેવાયો છે. ગુરૂ ગોવિંદસિંહે ૧૦ દિવસની લડાઈ લડી રામ જન્મભૂમિને આઝાદ કરાવી હતી. રામ મંદિર આંદોલન દરમ્યાન દ્વિતિય કારસેવામાં હું અયોધ્યા ગયો હતો અને સિંહદ્વાર પાસે યોજાયેલ પ્રતિકાત્મક શિલાન્યાસના પાયામાં મને પણ સિમેન્ટ-કોંક્રિટ પુરવાનો લ્હાવો મળ્યો હતો તેમનું મને ગૌરવ છે. રામ મંદિર આંદોલન વખતે ૨૧ હજાર રામ શિલાઓ સતત ૯ દિવસ સુધી પંચદેવ મંદિરે રખાઈ હતી જેમાં એક ચાંદીની શિલા પણ હતી.''

- પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી
ધર્માચાર્ય, પંચદેવ મંદિર

●●●

''રામ જન્મભૂમિ મંદિરના ભૂમિપૂજનનો દિવસ એ હિન્દુ સંસ્કૃતિ માટે મોટામાં મોટો દિવસ છે, અયોધ્યા એ સંસ્કાર અને સંસ્કૃતિની જાળવણીનું વૈશ્વિક કેન્દ્ર સમાન છે, જ્યાં ભગવાન શ્રી રામ પ્રગટ થયાં હતા. રામ જન્મભૂમિ મંદિરનું સ્વપ્રલોક આંદોલન અને સરકારના સહિયારા પ્રયાસથી સાકાર થવા જઈ રહ્યું હોય ત્યારે વિશ્વમાં આનાથી બીજો મોટો કોઈ ઉત્સવ ના હોઈ શકે એટલે છેક હિન્દુએ પોતાના ઘરે દિપ પ્રગટાવીને ઉત્સવ મનાવવો જોઈએ અને ભગવાન રામ જ્યારે વનવાસથી પરત ફર્યા ત્યારે અયોધ્યામાં જે માહોલ હતો તે માહોલ ખડો થવો જોઈએ.''

- કન્હૈયાલાલ પંડ્યા, કથાકાર

●●●

''હિન્દુઓની વર્ષોની તપસ્યાનું ફળ મળી રહ્યું છે. હિન્દુઓમાં ખુશીનો માહોલ છે. ૧૯૯૦ અને ૧૯૯૨ની કારસેવાનો હું સાક્ષી હતો અને કહેવાતો બાબરી ઢાંચો તોડવાનં મને ગૌરવ છે. સુપ્રિમ કોર્ટે રામ જન્મભૂમિ સ્થળે વર્ષો પહેલા રામ મંદિર હતુ તેના પુરાવાને આધારે નિર્ણય આપ્યો છે તે માટે અમે નામદાર સુપ્રિમ કોર્ટના આભારી છીએ પરંતુ જે હાસિમ અન્સારી બાબરી તરફી કેસ લડ્યો તેને આમંત્રણ આપવાનું અમને દુઃખ છે. સરકાર પાયાના પથ્થરોને ભુલી ગઈ છે. રામ મંદિર કોઈ સરકારની મહેરબાનીથી નથી બની રહ્યું પરંતુ તે હિન્દુઓના સંઘર્ષ અને ઐતિહાસિક પુરાવાના આધારે બની રહ્યું છે, અમે ભૂમિપૂજનને દિપ પ્રાગટ્ય તથા ફટાકડા ફોડી વધાવીશુ. આ સાથે અમારો સંદેશ છે કે ''યે તો અભી ઝાંખી હે, કાશી-મથુરા બાકી હે''

- અમૃતલાલ ઠક્કર
જિલ્લા પ્રમુખ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ

''રામ જન્મભૂમિના વર્ષોના વિવાદનો સુખદ અંત આવ્યો છે, ભગવાન રામજીની કૃપાથી અને સરકારના માધ્યમથી નામદાર કોર્ટે જે નિર્ણય આપ્યો તે ખૂબ સારો છે જેના થકી સમગ્ર વિશ્વમાં આનંદ પ્રસાર્યો છે. રામ મંદિર સનાતન ધર્મ અને સંસ્કૃતિ તેમજ સર્વધર્મ સદભાવનું પ્રતિક છે અને આપણા જીવનમાં રામ મંદિર બનવું જોવુ તે એક સોનેરી અવસર પ્રાપ્ત થયો છે. આ પ્રસંગે રામધામમાં તથા વાવોલના ૭૦ થી વધુ પરિવારોમાં ત્રણ દિવસથી અખંડ દિવા સાથે રામાયણના અખંડ પાઠ ચાલી રહ્યાં છે. મારી ભગવાન શ્રી રામ સમક્ષ એટલી પ્રાર્થના છે કે રામજી સૌને સુખી રાખે અને કોરોના મહામારીથી જલ્દી મુક્ત કરે.''

- પૂ. મધૂસૂદનદાસજી મહારાજ
મહંત, રામધામ, વાવોલ

●●●

''રામ મંદિર નવ નિર્માણ માટે ૫૦૦ વર્ષથી વધુ સમયથી સમગ્ર ભારત વર્ષ સંઘર્ષ કરી રહ્યું હતુ અને આજે સમગ્ર વિશ્વભરના ભારતીયોની મનોકામના પૂર્ણ થઈ રહી છે. ૧૯૯૨માં જ્યારે રામ જન્મભૂમિ માટે આંદોલન છેડાયુ હતુ તેના સાક્ષી બનવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આજે સદીના સૌથી મોટા અનુષ્ઠાન સાથે લોકલાડીલા વડાપ્રધાન જેઓ પોતે આંદોલનના સાક્ષી હતા તેમના હસ્તે ભૂમિપૂજન થઈ રહ્યો છે તેનો અનહદ આનંદ છે. ગાંધીનગર મહાનગરના નગરજનો આજે ઘરે ઘરે દિવડો પ્રગટાવી આ ભૂમિપૂજનની ઉજવણી કરશે અને ઘર આંગણે દિવાળી જેવો માહોલ સર્જાશે.''

- મહેન્દ્રભાઈ પટેલ, (દાસ)
શહેર ભાજપ ગાંધીનગર મહાનગર

●●●

'સમગ્ર ભારત દેશ તથા વિશ્વભરના ભારતીયોની આસ્થાનું કેન્દ્ર રામમંદિર ૨૨મું છે. વર્ષ ૧૯૯૨માં છઠ્ઠી ડિસેમ્બરે જે ઘટના ઘટીત થઈ તેના પરિણામ સ્વરૂપ આજે ભારત વર્ષનું અને તમામ ભારતીયોનું સ્વપ્ન સદીઓના સંઘર્ષ સાથે પૂરું થવા જઈ રહ્યું છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રામ મંદિરનું ભૂમિપૂજન થઈ રહ્યું છે તે આપણા સૌ માટે આનંદ અને ગર્વની વાત છે અને આ સોનેરી અવસરને આપણે આનંદથી દિપ પ્રાગટ્ય કરી વધાવવો જોઈએ.'

- પ્રવિણભાઈ પટેલ
પૂર્વ મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા

ગુજરાતમાં કોરોના ટેસ્ટિંગ વધારવા હાઈકોર્ટની ટકોર

ગાંધીનગર,તા.૪

રાજ્યમાં ઓછા ટેસ્ટિંગ થાય છે અને તેને વધારવા માટે કોરોના ટેસ્ટિંગ લેબોરેટરીની સંખ્યાને વધારવામાં આવે એવી માંગ સાથે દાખલ કરાયેલી જાહેરહિતની અરજી પર મંગળવારે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે સરકારને નિષ્ણાતોની સલાહ પર ગુજરાતમાં ટેસ્ટિંગ વધારવાની ટકોર કરી છે. હાઈકોર્ટની ડિવિઝન બેંચે નોંધ્યું હતું કે, ગુજરાત ટેસ્ટિંગમાં અન્ય રાજ્યો કરતા ઘણું પાછળ છે. જેથી વધુ ટેસ્ટિંગ કરવા રાજ્ય સરકારને ટકોર કરી છે, વળી ટેસ્ટિગના આંકડા પણ દરરોજ જારી કરવામાં આવે તો લોકોની જાગરૂકતા વધશે. નોંધનીય છે કે સરકાર તરફથી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી નોટમાં વધુ ટેસ્ટિંગનો સરકાર તરફે વિરોધ કરવામાં આવ્યો હતો. રાજ્યના ૧૧ જિલ્લામાં કોરોના ટેસ્ટિંગ લેબ નથી તો ત્યાં શા માટે લેબ શરૂ ન થવી જોઈએ એ મુદ્દે રાજ્ય સરકાર પાસેથી ખુલાસો માગ્યો છે.હાઈકોર્ટે સુરતમાં કોરોનાની વર્તમાન સ્થિતિ મુદ્દે કરાજ્ય સરકારનો ઉધડો લેતા કહ્યું કે, અમદાવાદમાં કોરોનાની સ્થિતિ વણસી ત્યારે અન્ય સ્થળો પર આવું ન થાય તેની તકેદારી રાખવાની જરૂર હતી. રાજ્યમાં દરરોજ ૭થી ૮ હજાર જેટલા કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં વધુ ટેસ્ટિંગ થાય તેના માટે રાજ્યના ૧૯ જિલ્લામાં કોરોના ટેસ્ટિંગ માટે લેબ ઉભી કરવાની માંગ સાથે અમદાવાદ મેડિકલ એસસોશિયેશન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી.હાઈકોર્ટમાં દાખલ કરાયેલી જાહેરહિતની અરજીમાં રજૂઆત કરવામાં આવી કે, ગુજરાત ટેસ્ટિંગમાં ઘણું પાછળ છે, દિલ્હીમાં સરેરાંશ ૩૦ હજાર કોવિડ ૧૯ ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે, જ્યારે તમિલનાડુમાં સૌથી વધુ ૩૫ હજાર ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, જેથી ગુજરાતના ગ્રામીણ વિસ્તારો અને જિલ્લામાં વધુ લેબ ઉભી કરવામાં આવે તો વધુ એગ્રીસીવ ટેસ્ટિંગ થઈ શકે.ગુજરાતની વસ્તી પ્રમાણે અત્યારની ટેસ્ટિંગ કરતા ૫ ગણી વધુ ટેસ્ટિંગ કરવાની જરૂર છે, જેથી કરીને રોગનું વહેલું નિદાન થઈ શકે અને મહામારીનો અંત આવે. રાજ્યના ૩૩ પૈકી ૧૯ જિલ્લામાં કોરોના ટેસ્ટિંગ સુવિધા ઉપલબ્ધ નથી. રાજ્ય સરકારે હાઈકોર્ટ સમક્ષ કબુલ્યું છે કે ૧૯ કોરોના લેબ કાર્યરત છે જે પૈકી બે લેબ પણ હજી સુધી કાર્યરત ન હોવાનોંન્માં દાવો કરવામાં આવ્યો છે. ૨૯મી જૂન સુધી ૧૯ લેબ પૈકી ૫ લેબોને સરકારે શરૂ થવાની પરવાનગી આપી નથી.

રાંધેજા-સાલુજીના મુવાડા ખાતેથી ૧૦ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં શ્રાવણીયો જુગાર રમી રહેલા જુગારીઓ પોલીસના હાથે ઝડપાયા છે. પેથાપુર પોલીસે રાંધેડા દંતાણી વાસમાંથી ૬ જુગારી તેમજ ડભોડા પોલીસે સાલુજીના મુવાડા સ્મશાન પાસેથી ૪ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન મળીને કુલ રૂ.૭,૬૧૦ જપ્ત કરી ૧૦ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં દંતાણી વાસ પાસે આવેલી વાડીમાં જુગાર રમતા ૬ શકુનીઓ પોલીસના સકંજામાં આવી ગયા છે. પેથાપુર પોલીસના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે રાંધેજા ગામે જુગાર રમાય છે. જેને પગલે તેઓએ રેઈડ પાડીને જુગાર રમતા રાંધેજા ગામના ડાહ્યાભાઈ રણછોડભાઈ રાવળ, ચંદુભાઈ કાળાભાઈ રાવળ, દિલિપભાઈ હરજીભાઈ રાવળ, જીતેન્દ્ર નટુભાઈ રાવળ, વિજય કાળાજી ઠાકોર, વિજય ઉર્ફે ટીનાભાઈ મથુરભાઈ રાવળનો સમાવેશ થાય છે. પોલીસને દાવ પરથી તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડ રૂ.૪૬૯૦ જપ્ત કર્યા હતા. પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં ડભોડા પાસે સાલુજીના મુવાડા સ્મશાનની પાછળ ગૌચરમાં જુગાર રમતા ચાર જુગારી પોલીસના હાથે પકડાયા છે. ડભોડા પોલીસે બાતમીને પગલે રેઈડ પાડી જુગાર રમી રહેલા સાલુજીના મુવાડાના અનંત કેશરીસિંહ પરમાર, વિનુજી હવજીજી પરમાર, મહેશ શનાજી ઠાકોર, છત્રસિંહ કેશરીસિંહ પરમાર ઝડપાયા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૯૨૦ જપ્ત કરી તમામ સાથે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

રક્ષાબંધન પર્વ નિમિત્તે ધારાસભ્ય શંભુજી ઠાકોર ડભોડા મત વિસ્તારની મુલાકાતે

ચિલોડા, તા. ૪

સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને સાર્થક કરવા માટે તેમજ કોઈપણ વિસ્તારનો સામાજિક-આર્થિક અને વ્યાવસાયિક-શૈક્ષણિક વિકાસ કરવો હોય તો

ધોરી સમાન રસ્તા ખૂબ અનિવાર્ય અંગ ગણાય છે. તે વિચારને આજરોજ પવિત્ર રક્ષાબંધનના પર્વને પરિવાર સાથે ખૂબ સ્નેહ, પ્રેમથી ઉજવણી કર્યા બાદ ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના લોક લાડીલા ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે સાચે જ રક્ષાબંધન પર્વ પોતાના મુખ્ય મતવિસ્તારના નાગરિકો સાથે ઉજવવાનું ધ્યેય પૂર્ણ કર્યુ.

આ મતવિસ્તારના નવા નિર્માણધીન ડભોડા ગામે દાદુનગર રોડથી માલીવાલા શ્રી નાગબાઈ માતાજીના મંદિર સુધી, ડભોડા ગામે ચાચોર તળાવથી બાજા વિસ્તાર સુધી - ડામર રોડની કામગીરીનું અસહ્ય ગરમી અને ઉકળાટમાં ૭૨ વર્ષીય ધારાસભ્ય શંભુજી ઠાકોરે યુવાનને શરમાવે તેવી રીતે પગપાળા ચાલીને મર્દાનગી, ધગશ અને ખંતપૂર્વક નવનિર્માણધીન રોડનું કામગીરીનું જાતે નિરીક્ષણ કર્યુ હતું.

ધારાસભ્ય શંભુજી ઠાકોરને આવકારવા અગ્રણીઓ સહિત ગ્રામજનો તહેવારના દિવસે ખૂબ ઉત્સાહી બન્યા હતા. અત્યાર સુધી ડભોડા ગામના વિકાસ માટે લાંબા સમયથી આશ્વાસનો મળી રહ્યા હતા ત્યારે શંભુજી ઠાકોરે સાચા દિલથી વિકાસશીલ ગુજરાત અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખી પ્રથમ અગ્રીમતા આપવાના ધ્યેય સાથે રસ્તાઓનું કામ પૂર્ણ કરવા માટી, મેટલ અને ડસ્ટ નાખીને ચોમાસા પછી નવરાત્રીમાં ડામરપેવર કરવા માટેની કટીબદ્ધતા દર્શાવતા ગ્રામજનોએ ધારાસભ્ય શંભુજી ઠાકોરનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય ભાજપના અગ્રણી લલિતસિંહ ઠાકોર, સરપંચના પતિ હાલુસિંહ સોલંકી, જિલ્લા બક્ષીપંચ મોરચાના મંત્રી બળદેવજી બેચરજી પરમાર, ભરતસિંહ સોલંકી, વસાજી સોલંકી સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ફુલહારથી સ્વાગત કર્યુ હતું.

ખૂણેખાંચરેથી

- કેન્દ્રીય ગૃહમંત્રી વ ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહ ઝડપથી તંદુરસ્તી પ્રાપ્ત કરે તે માટે પ્રસિધ્ધ વરદાયની માતા રૂપાલ ખાતે આજે હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. રૂપાલની પસંદગી સાંસદ આદર્શ ગામ તરીકે પણ કરવામાં આવી છે જે નોંધનીય છે.
- રાજય પંચાયત પરિષદની કારોબારી સમિતિની મહત્વની બેઠક ગુરુવારના રોજ ગાંધીનગર ખાતે મળશે.
- રાજયના વિકાસ કમિશનરશ્રી દ્વારા આજે રાજયના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરનાર છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક પણ આજે બપોરે બે વાગે મળશે.
- ગાંધીનગરમાં આજે મંગળવારનો દિવસ ધારાસભ્યો માટેનો હોવા છતાં સચિવાલયમાં પાંખી હાજરી અને નિરસતા ભર્યું વાતાવરણ જોવા મળતું હતું.
- રાજય સરકાર દ્વારા આગામી દિવસોમાં અધિકારીઓની બદલીનો ગંજીફો ચીપાશે તેવી સચિવાલયના ખૂણાઓમાં થતી વાતો સાંભળવા મળી હતી.

ધી વસુધા ક્રેડિટ સોસાયટીની વેબ વાર્ષિક સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૪

ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સોસાયટી લિ. ગાંધીનગરની વેબ વાર્ષિક સાધારણ સભા તા.૮ ઓગસ્ટને શનિવારના રોજ સાવેર ૧૧.૩૦ કલાકે સોસાયટીના કાર્યાલય ગાંધીનગર ખાતે યોજાશે. સોસાયટીના વાર્ષિક અહેવાલ વહેંચવામાં આવી રહ્યા છે, સોસાયટીના જે સભાસદોને વાર્ષિક એહવાલના મળ્યા હોય તેમણે સોસાયટીના કાર્યાલયથી મેળવી લેવાના રહેશે. ઈનામ મેળવવા પાત્ર વિદ્યાર્થીઓએ સોસાયટીના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી વિગતો ભરીને આપી જવા માટે સોસાયટીના પ્રમુખે અપીલ કરી છે.

ઘરમાં રહો સુરક્ષિત રહો

દહેગામના ધમીજ, અંતોલી અને કડાદરા અને કલોલના જાસપુર ગામની

ગણોતધારાની કલમ-૩૨ પી હેઠળ કાયમી નિકાલ કરવા જાહેરનામુ

ગાંધીનગર, તા.૪

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા અધિનિયમ – ૧૯૪૮ મુજબ ગણોતધારાની કલમ – ૩૨-ગ ની તપાસમાં જે ગણોતીયા જમીન ખરીદ કરવાની ના પાડે કે હાજર ન રહે તેવા સંજોગોમાં જમીનની ખરીદી બિનઅમલી જાહેર કરી જમીનનો કબજો સરકાર પક્ષે લઈ જમીનનો ગણોતધારાની કલમ- ૩૨- પી હેઠળ કાયમી ધોરણે નિકાલ કરવાના થાય છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધમીજ, અંતોલી અને કડાદરા ગામની અને કલોલ તાલુકાના જાસપુર ગામની ગણોતધારાની કલમ- ૩૨ પી હેઠળ કાયમી નિકાલ કરવા અંગેનું જાહેરનામું દહેગામ અને કલોલ તાલુકાના મામલતદાર અને કૃષિ પંચ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જમીનની કિંમત જિલ્લા કલેકટરશ્રી દ્વારા નક્કી કરવામાં આવી છે.

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન નિયમો ૧૯૫૬ નિયમો ૨૧(૧) મુજબ જણાવેલી વ્યક્તિઓ અને મંડળોને જે ગામમાં સંબંધ ધરાવતી જમીન આવી હોઈ તે ગામમાંથી અથવા તે ગામની નજીકના કોઈ ગામમાંથી જેનો ગણોત વહીવટ સમાપ્ત કરેલ હોઈ અને જે જમીન ખરીદવા ખુશી હોઈ ગણોતીયાને. જે સહકારી કૃષિ મંડળીઓના સભ્યો, ખેત મજુરો ભૂમિહીન વ્યક્તિઓ અથવા નાના જમીન ધારણ કરનાર અથવા એ બધામાંથી એકત્ર થયેલી વ્યક્તિઓનો સમૂહ હોય તે સહકારી કૃષિ મંડળીઓને. ખેત મજુરોને, ભુમિહીન વ્યક્તિઓને, નાની જમીન ધારણ કરનારાઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઈ અને કારીગરો હોઈ તે ખેડૂતોને સહકારી કૃષિ મડળીઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઈ અને કારીગરો હોઈ તે ખેડૂતોને. બીજી

● અનુસંધાન પાના - ૭ પર

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

રામ ભગવાન ચઉદ વર્ષ કોરન્ટાઈન નતા થયા... વનવાસ થયો હતો તેમ લખવાનું....!!

આજે સદીઓ પછી રામ મંદિરના નિર્માણ કાર્યની શુભ ઘડી આવી પહોંચી છે

અમદાવાદના ચાંદખેડાના રહીશ મુકેશ પંડયાએ પણ રામાયણના કેટલાક પ્રસંગોને તેમની મીનીએચર શિલ્પકળામાં ઢાળવાનો પ્રયાસ કરેલ છે. પ્રભુ શ્રી રામની નાની-મોટી સાઈઝની તો અસંખ્ય પ્રતિમાઓ મળશે. કિન્તુ આ કલાકારે તો ફક્ત આંગળીના એક વેઢા જેટલી પ્રભુ શ્રી રામની મૂર્તિ બનાવી છે. ઉપરાંત હનુમાનજી, લક્ષમણ રેખા, રાવણ વધ, જેવી આર્ટનું પણ સર્જન કરેલ છે. ખાસ આશ્ચર્ય તો ત્યારેજ લાગે કે તેવોએ આ તમામ આર્ટમાં ભરતકામની રંગીન દોરીનો જ ઉપયોગ કરેલ છે. કલાકાર મુકેશ પંડ્યાએ પોતાની જાતેજ ડેવલપ કરેલ આ કળાને વિશ્વભરના કલા રાશિકો મન ભરીને માણતા હોય છે. વ્યવસાયે બિલ્ડીંગ મોડલ બનાવતા આ કલાકારે લગભગ દરેક ધર્મના તહેવારોને ઉજાગર કરતી કળાનું સર્જન કરેલ છે.